# શ્રી એમ.એફ. મંડલી, સભ્ય, ઔદ્યોગીક અદાલત, સુરત સમક્ષ, મુ.સુરત.

**રીવીજન અરજી (આઈ. સી.) નંબર ૧૦/૨૦૧૭**
**મુળ ટી. અરજી નં.૫૪૮/૨૦૦૨**
**આંક–૧૪**

મિહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. તરફે
ડિરેકટર નયમેશ એસ. જરીવાલા,
ઠે. સ. નં.૧૩, પ્લોટ નં.૭ અને ૮, મનહર ડાઈંગ પાછળ,
ગોવાલક જકાતનાકા સામે, ઉધના–મગદલ્લા રોડ,
સુરત. ... ... ... **અરજદાર**

**વિરુધ્ધ**

શ્રી રાજુ હંસારામ,
ઠે. સંજયનગર ઝુંપડપટ્ટી,
લિંબાયત, સુરત. ... ... ... **સામાવાળા**

**પ્રતિનિધિત્વ :–**
**અરજદાર તરફે : વિ. વ. શ્રી ચૈતાલી ટી. જરીવાલા.**
**સામાવાળા તરફે : વિ. વ. શ્રી એ.બી. નાયક.**

**બાબત :– બી.આઈ.આર.એકટની કલમ ૮૫ હેઠળ રીવીજન અરજી**

**–: હુકમ :–**

(૧) આ કામના અરજદાર મિહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. દવારા હાલની રીવીજન અરજી સામાવાળા વિરુધ્ધ મજુર અદાલત, સુરતના ન્યાયાધીશશ્રી દવારા ટી. અરજી નં.૫૪૮/૦૨ ના કામે કરેલ હુકમથી નારાજ થઈ દાખલ કરેલ છે.

(૨) આ કામે કાર્યવાહી અત્રેની અદાલત સમક્ષ ચાલુ હતી જે દરમિયાન આજરોજ તા.૧૩/૯/૨૦૨૨ ના રોજ અરજદારે આંક–૧૩ થી પુરસીસ રજુ કરી મીહીર સિલ્ક મિલ્સ નામની સંસ્થા ૨૦૦૧ માં અસ્તિત્વમાં ન હતી પરંતુ મે. મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. અસ્તિત્વમાં હતી અને મે. મીહીર સિલ્ક મિલ્સ પ્રા.

લિ.માં અરજદારની અરજીની નોટીસ વિગેરે મળતા તે વખતના ડીરેકટર પોપટલાલ ઈશ્વરલાલ જરીવાલાએ એડવોકેટશ્રી જયેશભાઈ કિનારીવાલાનો સંપર્ક કરી જરૂરી માહિતી આપી જણાવેલ કે, અરજદાર તેમના કામદાર નથી અને તેઓ નોકરી કરતા ન હોવાથી તેઓને નોકરીમાંથી છુટા કરેલ નથી તેમ છતા ખોટો કેસ કરેલ છે. તે અંગેનો બચાવ નામ. કોર્ટમાં કરવો પરંતુ એડવોકેટશ્રી જયેશભાઈ કિનારીવાલા લેબર કન્સલ્ટન્ટ તરીકે કામ કરતા હોવાથી નામ. કોર્ટમાં જાતે હાજર રહેતા નથી અને તેઓએ સદરહુ કામ એડવોકેટ સોનલબેન ગાંધીને સુપરત કરેલ અને તેઓએ અરજદારની અરજીનો જવાબ તૈયાર કરેલ અને તે નામ. કોર્ટમાં રજુ કરેલ. પરંતુ તેમાં શરતચુકથી મીહીર સિલ્ક મિલ્સ નામની સંસ્થા આવેલ નથી અને મેસર્સ મીહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. ના નામની સંસ્થા આવેલ છે તેનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ અને તે સંજોગોમાં નામ. કોર્ટમાં આંક–૫ થી રજુ થયેલ જવાબમાં તે અંગેનો સુધારો કરવા અરજદાર તરફથી નામ. નીચલી કોર્ટમાં આંક–૨૭ ની અરજી આપેલ તે નામ. નીચલી કોર્ટે રદ કરેલ. જે વિરુધ્ધ હાલની રીવીઝન અરજી કરેલ છે. મિહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ.નું અસ્તિત્વ સને ૧૯૯૮ થી છે. જેથી મિહીર સિલ્ક મિલ્સ પ્રા.લિ. તરફે અરજી કરવામાં આવેલ. પરંતુ મુળ ટી. અરજી નં.૫૪૮/૦૨ ના અરજદારે સામાવાળા તરીકે મિહીર સિલ્ક મિલ્સને પક્ષકાર તરીકે જોડેલ અને તે નામથી શરતચુકથી જવાબ રજુ થયેલ. મિહીર સિલ્ક મિલ્સ ભાગીદારી પેઢી સને ૧૯૯૮ થી બંધ થઈ ગયેલ છે. જેથી બંધ થયેલ ભાગીદારી પેઢી તરફે નામ. નીચલી કોર્ટમાં નવેસરથી જવાબમાં સુધારો કરવા અંગેની અરજી કરવાનો હકક અબાધિત રાખી હાલની અરજી પાછી ખેંચવા પરવાનગી માંગેલ છે. કેસની હકીકત જોતાં અરજદાર હાલની અરજી આગળ ચલાવવા માંગતા ન હોય અરજદારના મુળ ટી. અરજી નં.૫૪૮/૦૨ ના કામમાં નવેસરથી સુધારો કરવા અંગેની અરજી કરવાનો હકક અબાધિત રાખી અરજી

**પરત ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે તથા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.**

**<u>-: હુકમ :-</u>**

**(૧) અરજદારની આંક-૧૩ ની પુરસીસ મુજબ અરજદારના મુળ ટી. અરજી નં.૫૪૮/૦૨ ના કામમાં નવેસરથી સુધારો કરવા અંગેની અરજી કરવાનો હકક અબાધિત રાખી વીડ્રો પુરસીસ મુજબ અરજી પાછી ખેચવાની પરવાનગી આપવામાં આવે છે.**

**(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.**

**સ્થળ : સુરત.**
**તા.૧૩/૦૯/૨૦૨૨**

**(એમ.એફ. મંડલી)**
**જી.જે.૦૦૪૦૮**
**સભ્ય,**
**ઔદ્યોગિક અદાલત,**
**સુરત.**